# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૫/ ૭૪૭૭ તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળાઓ તમામ,
સુરત. જિ. સુરત

વિષય :- ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓને " **સંસ્કૃત ગૌરવ પરીક્ષા**" માં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા બાબત

સંદર્ભ:(૧) ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગરના પત્રક્રમાંક ૧૭/૨૦૨૫ તા. ૨૮/૦૫/૨૦૨૫

(૨) સંસ્કૃત ભારતીય સંસ્થાના તા. ૨૮/૦૫/૨૦૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ (૧) અને (૨) અન્વયે જણાવવાનું કે સંસ્કૃત ભાષા ના પ્રચાર અને પ્રસાર માટે "**સંસ્કૃત ગૌરવ પરીક્ષા**"નું આયોજન સંસ્કૃત ભારતીય સંગઠન દ્વારા દર વર્ષે કરવામાં આવે છે. સદર પરીક્ષામાં **ધોરણ ૬ થી ૮** ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે માટે તેઓને સમજૂત કરી પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ : ઉક્ત સંદર્ભદર્શિત પત્રની નકલ

Pan No. - AACTS4314H
ट्रस्ट रजी. नं. E / 12077 / AHMEDABAD

# संस्कृतभारती

तारीख-28/05/2025

પ્રતિ,

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નંબર 12/1 ડોક્ટર જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.ગાંધીનગર.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
સચિવાલય, ગાંધીનગર
28 MAY 2025
આવક નં.....................

વિષય - પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને **"સંસ્કૃત ગૌરવ પરીક્ષા"** માં ભાગ લેવા શાળાઓને પત્ર મોકલી આપવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃતભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ ૬ થી ૮ નાં બાળકોમાં સંસ્કૃતભાષાની સરળતા અને માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં **"સંસ્કૃત ગૌરવ પરીક્ષા"**નો પ્રકલ્પ ચાલી રહ્યો છે જે અન્વયે ગુજરાત રાજ્યમાં પણ આ પરીક્ષા નું કાર્ય અમદાવાદથી ચાલી રહ્યું છે.

**"સંસ્કૃત ગૌરવ પરીક્ષા"** દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે તારીખ 06/12/2025 ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે જે અંતર્ગત શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા ઇચ્છતા બાળકોની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

આપના જીલ્લા હસ્તકની પ્રાથમિક શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો ભાગ લઇ શકશે.

पाणिनीयम् १५, कल्याणबाग, वळीयाकाका मार्ग, कांकरिया, कर्णावती ३८००२८ गुजरात दूरभाष: 079 25384808
Web : www.samskritabharati.in
Emil : gujaratsb@gmail.com

## ❖ પરીક્ષા પ્રણાલી

કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા 50 રહેશે. ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા 50 હોય તો કેન્દ્ર કરી શકાશે.

છઠ્ઠા ધોરણથી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઈ પણ વિદ્યાર્થીઓ તેમજ કોઈપણ સામાજિકવ્યક્તિ આ પરીક્ષામાં ભાગ લઈ શકે છે.

એક વર્ષમાં એક સાથે સોપાન ક્રમે સૌપ્રથમ પ્રવેશિકા અને પ્રદીપિકા ત્યારબાદ જ પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

## ❖ પંજીકરણ (Registration) પ્રક્રિયા

સૌ પ્રથમ Google Playstore માં જઈને **संस्कृतगौरवपरीक्षा** એપ્લિકેશન ડાઉનલોડ કરી ઈ-મેઈલ આઈડીથી લોગઈન કરવું. ત્યારબાદ **Register as institure** પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષા સંબંધી માહિતી અને સુચનાઓ જોવા મળશે. અને સૌથી નીચે **Continue** બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. ફોર્મ સંપૂર્ણ ભરાઈ ગયા બાદ **Register and Pay fee** પર ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઈ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઈ ગયા બાદ આપને **My Registration**માં **Waiting for comformation**નો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા 24 કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવશે. ત્યારબાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગરે પ્રક્રિયાઓ કરી શકશો.

(ખ) અંતિમ દિનાંક સુધીમાં રજીસ્ટ્રેશન કરી દેવું. ત્યારબાદ રજીસ્ટ્રેશન થઈ શકશે નહિ.

(ઘ) યાદીમાં જે પરીક્ષાર્થીનું નામ લખેલ હશે, તે જ નામનું પ્રમાણપત્ર લખવામાં આવશે. તેથી યાદીમાં પરીક્ષાર્થીનું પૂરું નામ, પિતાજીનું નામ અને છેલ્લે અટક લખવી.

## ❖ સંસ્થા માટે પરીક્ષા શુલ્ક

**1.प्रवेशिका रू 60, 2.प्रदीपिका रू 60, 3.प्रमोदिका रू 60, 4.प्रवाहिका रू 60**

(કેન્દ્રસંયોજકને પોતાના કેન્દ્રના પરીક્ષાના શુલ્કમાંથી પરીક્ષાર્થી દીઠ ખર્ચ લેખે રૂ. 10 આપવામાં આવે છે. આ દસ રૂપિયા કેન્દ્ર સંયોજકના વ્યય, Excel ફોર્મેટ તૈયાર કરવા, ટપાલ, નિરીક્ષક પુરસ્કાર વગેરે વ્યવસ્થા માટે છે.)

❖ <u>પરીક્ષા</u>

ચારેય પરીક્ષાઓ O.M.R પદ્ધતિથી લેવામાં આવશે. કુલ 50 પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના બે (2) ગુણ રહેશે.

❖ <u>પરિણામ અને પ્રમાણપત્ર</u>

ક) ઉત્તીર્ણતા માટે 40 ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમકે ...

| | |
|---|---|
| તૃતીય શ્રેણી | - 40 થી 54 |
| દ્વિતીય શ્રેણી | - 55 થી 69 |
| પ્રથમ શ્રેણી | - 70 થી 84 |
| વિશેષયોગ્યતા | - 85 થી 100 |

(ખ) પરીક્ષા પૂરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે.

(પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે.)

આપને આ પરીક્ષા બાબત કોઈ પણ પ્રશ્ન હોય તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

<u>સંસ્કૃતભારતી, ગુજરાત કાર્યાલય</u>

દૂરભાષ – 079-25384808 શ્રી ભાર્ગવ ઠાકરે, સમય- સવારે 10 થી 6

સંયોજક ગુર્જર પ્રાન્ત- ડૉ.નિકુંજ પટેલ મો – 9898470070

સહ સંયોજક ગુર્જર પ્રાન્ત – ડૉ.નૈતિક પ્રજાપતિ મો- 9624254223

સંયોજક સૌરાષ્ટ્ર પ્રાન્ત – શ્રી અમિત ગોર મો – 9638831518

સહ સંયોજક સૌરાષ્ટ્રપ્રાન્ત – શ્રી અનિરુદ્ધસિંહ જાડેજા મો- 9879321921

Email- sgpariksha@gmail.com

આપશ્રીના સહકારની અપેક્ષા સહ.

આપનો વિશ્વાસુ
અધ્યક્ષ
મનોજ ઉપાધ્યાય
સંસ્કૃતગૌરવપરીક્ષા
(શ્રી મનોજભાઈ ઉપાધ્યાય)

# गुजरातराज्यसंस्कृतबोर्ड, गान्धिनगरम्

(शिक्षणविभागः, गुजरातसर्वकारः)

हिमाञ्जयः पालीवालः
अध्यक्षः

ग-३ सर्कल, स्वामीविवेकानन्द विद्याविहार कॅम्पस, सेक्टर १२, गान्धिनगरम्
अणुपत्रम् - grsbg2020@gmail.com


जा. क्र. ९१/२०२५ दिनाङ्कः - २८/०५/२०२

પ્રતિ,

નિયામક શ્રી,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,

વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેક્ટર-૧૯,

ગુ.રા ગાંધીનગર

વિષયઃ- પ્રાથમિક શાળાઓના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"માં ભાગ લેવા બાબત.

સંદર્ભઃ-સંસ્કૃતભારતી, અમદાવાદનાં તા.૨૮-૦૫-૨૦૨૫નાં પત્ર અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, 'સંસ્કૃતભારતી' એ એક વૈશ્વિક સંગઠન છે, જે સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે કટિબદ્ધ છે. દેવવાણીનો વ્યાપ સમાજમાં છેવાડાના માનવી સુધી થાય, પ્રત્યેક આનંદભેર સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી શકે તે માટે સંસ્કૃત ભારતી, ગુજરાત દ્વારા દર વર્ષે "સંસ્કૃત ગૌરવ પરીક્ષા"નું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષા અંતર્ગત પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા એમ ચાર પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. વીતેલા કેટલાક વર્ષોમાં અઢી લાખથી વધારે પરીક્ષાર્થીઓ આ માધ્યમથી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી ચુક્યા છે. "ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ" પણ આવા જ એક ભગીરથ યજ્ઞમાં સંસ્કૃત ભાષાના વ્યાપ માટે આહુતિ આપી રહ્યું છે. ત્યારે આ પરીક્ષા જનજન સુધી પહોંચે, પ્રત્યેક શાળા, મહાશાળા અને વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષાઓનું આયોજન થાય તે અંતર્ગત તમામ શાળાઓમાં સ્વેચ્છાએ ભાગ લેવા વિદ્યાર્થીઓની વિગતો મોકલવાની તારીખ પરીક્ષા ફી તથા અન્ય વિગતો દર્શાવતી "સંસ્કૃત ગૌરવ પરીક્ષા પત્રિકા" આ સાથે સામેલ રાખેલ છે.

આમ આપના હસ્તકની પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ સ્વેચ્છાએ ભાગ લઇ શકાશે, તે મુજબની આપની કક્ષાએથી જરુરી સૂચના આપવા આપશ્રીને "ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ" તરફથી આપશ્રીને ભલામણ છે.

હિમાંજય પાલીવાલ
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ

બિડાણઃ- સંદર્ભદર્શિત પત્ર તથા પત્રિકા

Pan No. - AACTS4314H
ट्रस्ट रजी. नं. E / 12077 / AHMEDABAD
संस्कृतभारती

દિનાંક:- 28/05/2025

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી,
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,
સેક્ટર-12, ગાંધીનગર

વિષય- સંસ્કૃત ગૌરવ પરીક્ષા માટે ભલામણ પત્ર કરવા બાબત...

સાદર નમસ્કાર,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં આપને વિદિત કરવાનું કે, 'સંસ્કૃત ભારતી' એ એક વૈશ્વિક સંગઠન છે, જે સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસાર માટે કટિબદ્ધ છે. દેવવાણીનો વ્યાપ સમાજમાં છેવાડાના માનવી સુધી થાય, પ્રત્યેક મનુષ્ય આનંદભેર સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી શકે તે માટે સંસ્કૃત ભારતી, ગુજરાત દ્વારા દર વર્ષે સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષા અંતર્ગત પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા એમ ચાર પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. વીતેલા કેટલાક વર્ષોમાં અઢી લાખથી વધારે પરીક્ષાર્થીઓ આ માધ્યમથી સંસ્કૃત ભાષાનું અધ્યયન કરી ચુક્યા છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ પણ આવા જ એક ભગીરથ યજ્ઞમાં સંસ્કૃત ભાષાના વ્યાપ માટે આહુતિ આપી રહ્યું છે. ત્યારે આ પરીક્ષા જનજન સુધી પહોંચે, પ્રત્યેક શાળા મહાશાળા અને વિશ્વવિદ્યાલયમાં આ પરીક્ષાઓનું આયોજન થાય તે હેતુથી ગુજરાત સંસ્કૃત બોર્ડના માધ્યમથી એક નિવેદન પત્ર કરવામાં આવે તેવું નિવેદન છે. આપની આ સહાય થકી સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસારમાં વધુ વેગ પ્રાપ્ત થશે.

સહયોગની અપેક્ષા સહ...

આપનો

મનોજ ઉપાધ્યાય

અધ્યક્ષ
સંસ્કૃત ગૌરવ પરીક્ષા ગુજરાત પ્રાંત

બિડાણ –
સં.ગૌ.પ. બ્રોસર

'पाणिनीयम्' १५, कल्याणबाग, वळीयाकाका मार्ग, कांकरिया, कर्णावती ३८००२८ गुजरात दूरभाष: 079 25384808
Web : www.samskritabharati.in Emil : gujaratsb@gmail.com